પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૧૯૧ | ૨૦ સપ્ટેમ્બર, ૨૦૧૭, બુધવાર ; ભાદરવા વદ - ૦)) | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### જમ્મુથી બે આતંકીઓને ઝડપ્યા

એનઆઈએ એ મંગળવારે જમ્મુથી બે આતંકીઓની ધરપકડ કરી છે. બંને પર પાકિસ્તાની આતંકવાદી સંગઠ્ઠન લશ્કર એ તોયબા સુધી જાણકારી પહોંચાડવાનો આરોપ છે.

### મુલાયમસિંહ યાદવ અલગ પાર્ટી બનાવશે

ઉત્તરપ્રદેશ વિધાનસભાની ચૂંટણી પહેલા મુલાયમસિંહ યાદવ અને અખિલેશસિંહ વચ્ચે થયેલી ખટપટ બાદ ફરી સમાજવાદી પાર્ટીમાં હલચલ છે. નવરાત્રી દરમ્યાન મુલાયમસિંહ યાદવ પોતાના ભાઈ શિવપાલસિંહ યાદવ સાથે નવી પાર્ટી બનાવે તેવી સંભાવના છે.

### ભાજપ-શિવસેના ગઠબંધન ભંગાણના આરે

મહારાષ્ટ્રમાં ભાજપ અને શિવસેના ગંઠબંધન ફરી એકવાર સંકટમાં છે. શિવસેનાના સૂત્રો અનુસાર પાર્ટી પ્રમુખ ઉદ્ધવ ઠાકરે દશેરા સુધી આ મામલે કોઈ નિર્ણય લેશે.

### પાકિસ્તાનને અમેરિકા આતંકી દેશ જાહેર કરી શકે છે

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પાકિસ્તાનને ચેતવણીના સૂરમાં કહ્યુ છે કે જો પાકિસ્તાન આતંકી પ્રવૃત્તિઓનું સમર્થન કરવાનું બંધ નહી કરે તો તેને આતંકી દેશ જાહેર કરવામાં આવશે.

# રાજ્યમાં ત્રીજા મોરચાનો ઉદય

**ભાજપ-કોંગ્રેસ વચ્ચે રાજ્યસભાની ચૂંટણી મેચ ફિક્સીંગ જેવી હતી અને વિધાનસભાની ચૂંટણી પણ ફિક્સીંગનો જ ભાગ છે**



ગાંધીનગર, તા. ૧૯

પ્રજા મારી હાઈકમાન્ડ છે એવુ મેં વીસ વર્ષ પહેલાં કહ્યુ હતુ તે મુજબ હવે હાઈકમાન્ડની હાકમાંથી ગુજરાતને મુક્ત કરાવવા માટે જન કે જનતા મોરચો કે જનતા પાર્ટી બે ગુજરાતમાં આવા રચાયેલા ત્રીજા મોરચાના જ ઉદાહરણો છે એટલે ગુજરાતમાં ત્રીજા મોરચાને સ્થાન નથી એ વાત બેબુનિયાદ

## જન વિકલ્પમાં પ્રજા જ હાઈકમાન્ડ : શંકરસિંહ

વિકલ્પનો વિકલ્પનું સમર્થન કરવાનો મેં નિર્ણય કર્યો છે તેમ પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાએ આજે અમદાવાદ ખાતેની પત્રકાર પરિષદમાં જણાવ્યુ હતુ.

તેમણે કહ્યુ કે જન વિકલ્પ મોરચો છે અને તેમાં સરખી વિચારધારાના લોકો અને પક્ષો જોડાઈ શકે છે. પત્રકારોના પ્રશ્નના ઉત્તરમાં તેમણે કહ્યુ હતુ અને મનધડત વાત માત્ર છે.

વાઘેલાએ કહ્યું હતું કે જો શક્ય હશે તો જન વિકલ્પ મોરચો રાજ્યની ૧૮૨ બેઠકો પરથી ચૂંટણી લડશે. જન વિકલ્પ મોરચો વિસ્તારોના સ્થાનિક લોકોનું મંચ બનશે જે ઉમેદવારો નક્કી કરશે. અહિં કોઈ હાઈકમાન્ડ નહિ હોય.

તેઓ પોતે ચૂંટણી લડવાના

● અનુસંધાન પાન-૭ પર

## શંકરસિંહે ત્રીજો મોરચો ખોલી જાત સાથે દગો કર્યો : ગહેલોત

**ભાજપ ગમે તેટલી ટીમો મેદાનમાં ઉતારે પરંતુ આ વખતે કોંગ્રેસની સરકાર બનશે : પ્રજા કોંગ્રેસ પાર્ટીની સાથે છે**



અમદાવાદ,તા. ૧૯

શંકરસિંહ વાઘેલાએ પહેલા કોંગ્રેસ સાથે દગો કર્યો હતો અને હવે ત્રીજો મોરચો ખોલીને પોતાની જાત સાથે દગો કરી રહ્યા છે. રાજકીય ઈતિહાસમાં આવો દગો કયારેય જોવા નહી મળે તેવો દગો શંકરસિંહે કર્યો છે એમ અત્રે ગુજરાત કોંગ્રેસના પ્રભારી અશોક ગેહલોતે જણાવ્યું હતું. આજે ફરી એકવાર શંકરસિંહ વાઘેલા પર આકરા પ્રહારો કરતાં ગેહલોતે જણાવ્યું કે, શંકરસિંહે પહેલા કોંગ્રેસ સાથે દગો કર્યો હતો, પછી એહમદ પટેલને હરાવવાના ભરપૂર પ્રયાસો કરી દગો કર્યો અને હવે ત્રીજો મોરચો ખોલીને પોતાની જાત સાથે દગો કરી રહ્યા છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ ખાતે આજે એક પત્રકાર પરિષદમાં ગુજરાત કોંગ્રેસના પ્રભારી આજે ભાજપ અને શંકરસિંહ વાઘેલાને આડા હાથે લીધા હતા. ગેહલોતે જણાવ્યું કે, શંકરસિંહે ૨૦ વર્ષ સુધી કોંગ્રેસમાં રહી મહત્વની જવાબદારી અને હોદ્દાઓ સંભાળ્યા અને ત્યારબાદ બહાનુ કરી કોંગ્રેસ પક્ષ સાથે છેડો ફાડયો અને કોંગ્રેસ સાથે દગો કર્યો. એ પછી કોંગ્રેસના નેતા એહમદ

● અનુસંધાન પાન-૭ પર

# ઈકબાલ કાસ્કરને આઠ દિવસના રિમાન્ડ

**ખંડણીના આરોપસર ઝડપાયેલા અન્ડરવર્લ્ડ ડોન દાઉદ ઇબ્રાહિમના ભાઈ ઇકબાલ કાસ્કર અને સાથીઓને પણ રિમાન્ડ પર સોંપવા થાણે કોર્ટનો આદેશ**

મુંબઈ,તા. ૧૯

દેશના વાણિજ્ય પાટનગર મુંબઈમાં ખંડણીના આરોપસર ઝડપાઈ ગયેલા અન્ડરવર્લ્ડ ડોન દાઉદ ઈબ્રાહીમના ભાઈ ઈકબાલ કાસ્પરને આઠ દિવસના રિમાન્ડ પર સોંપવાનો થાણે કોર્ટે આજે આદેશ કર્યો હતો. ઈકબાલ કાસ્કરના નજીકના સાગરિતોને પણ કોર્ટમાં સઘન સુરક્ષા વ્યવસ્થા વચ્ચે રજૂ કરવામાં આવ્યા હતા. ત્યારબાદ થાણે કોર્ટે તમામને રિમાન્ડ પર સોંપવાનો હુકમ કર્યો હતો. ઈકબાલ કાસ્પરની ધરપકડ થયા બાદથી અંધારી આલમમાં ભારે સનસનાટી મચેલી છે. આ મહિનાની શરૂઆતમાં જ થાણે એઈસીનો હવાલો સંભાળી ચુકેલા પૂર્વ એન્કાઉન્ટર સ્પેશિયાલિસ્ટ પ્રદિપ શર્માના નેતૃત્વમાં આ સફળ ઓપરેશન પાર પાડવામાં આવ્યું હતું. તપાસમાં કાસ્કરનું નામ સપાટી ઉપર આવ્યા બાદથી જ તેની ગતિવિધિ ઉપર પોલીસ ટીમ દ્વારા બાજ નજર રાખવામાં આવી રહી હતી. કેસના સંદર્ભમાં થાણે અને મુંદરામાંથી બે બિલ્ડરોના નામ પણ સપાટી ઉપર આવ્યા છે. એક બિલ્ડરની ધરપકડ થઇ ચુકી છે. અંડરવર્લ્ડ ડોન દાઉદ ઈબ્રાહિમના નાના ભાઈ ઈકબાલ કાસ્કરની થાણે પોલીસે ગઈકાલે ધરપકડ કરતા અંધારી આલમમાં સોપો પડી ગયો હતો. કાસ્કરને ધરપકડ કરવામાં આવ્યા બાદ આજે કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો. ઈકબાલની બળજબરીપૂર્વક ખંડણી વસુલ કરવા અને ધાક ધમકી આપવાના મામલે તેની ધરપકડ કરવામાં આવી હતી. તેની સાથે તેના બીજા ચાર સાગરીતોની ધરપકડ કરવામાં આવી હતી. તેમના પર ગંભીર આરોપો મુકવામાં આવ્યા છે. મુંબઈમાં સ્થિત તેના ઘરથી ઈકબાલની ધરપકડ કરવામાં આવી હતી.

● અનુસંધાન પાન-૭ પર





**જોઈએ છે**

ધાર્મિક વૃત્તિ ધરાવતા તેમજ દેવસ્થાનની વહીવટીય કામગીરીનો અનુભવ ધરાવતા મેનેજરની વૈજનાથ મહાદેવ,વાસણ ખાતે જરૂરિયાત છે. આ માટે બાયોડેટા સાથે રૂબરૂ મળવું.

તા. ૨૫-૯-૨૦૧૭, સોમવાર ● સમય : ૧૧ થી ૧૨

**પ્રમુખશ્રી, વૈજનાથ મહાદેવ ટ્રસ્ટ સંસ્થાન**

સ્થળ : બાપુશ્રીનું નિવાસસ્થાન, વસંત વગડો, ગાંધીનગર

● પગાર યોગ્યતા અને અનુભવના ધોરણે અપાશે ●







